<u>આણંદ કૃષિ યુનિવર્સિટીએ આંતર કૃષિ યુનિવર્સિટી રમત-ગમત સ્પર્ધામાં સિધ્ધિ મેળવી</u>

ગુજરાત રાજ્ય આંતર કૃષિ યુનિવર્સિટી કબડ્ડી (ભાઇઓ) અને ખો-ખો (ભાઇઓ) ટુર્નામેન્ટ તા.૧૮/૧૧/૨૦૨૫ ના રોજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના યજમાન પદે યોજાયેલ. આ સ્પર્ધાઓમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલ ૨૪ વિધાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાંથી આણંદ કૃષિ યુનિવર્સિટીના વિધાર્થીઓએ કબડ્ડી (ભાઇઓ) અને ખો-ખો (ભાઇઓ) માં ચેમ્પિયન થયેલ છે. આ સિધ્ધિ બદલ માન. કુલપતિશ્રી ડૉ. કે.બી. કથીરીયા અને નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ ડૉ. ડી.એચ. પટેલ દ્વારા તમામ વિજેતાઓ તેમજ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા. ટીમ મેનેજર તરીકે ડૉ. જીગર મીસ્ત્રી અને ડૉ. હિમાંશુ પટેલે ફરજ બજાવી હતી.

